આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

જે પોતાની જાત પર સંયમ ધરાવે છે તે અત્યંત શક્તિશાળી છે
- સેનેકા



Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૧૯ | ૩૦ જાન્યુઆરી, ૨૦૧૩, બુધવાર; પોષ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર શહેરમાં આઠ માસમાં રક્તપિત્તના ૧૩ દર્દીઓ શોધી કઢાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાંથી છેલ્લા ૮ માસ દરમ્યાન ૧૩ રક્તપિત્તના દર્દીઓને શોધી કાઢવામાં આવ્યા છે. જો કે આજ સમયગાળા દરમ્યાન સમગ્ર જિલ્લામાંથી ૩૮ દર્દીઓ શોધી કાઢવામાં આવ્યા છે.

જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૩૬ દર્દીઓને રોગમુક્ત કરી દેવામાં આવ્યા છે. આ સમયગાળા દરમ્યાન ૪ દર્દીઓને રિકન્સ્ટ્રક્ટીવ સર્જરી જરૂરી જણાતાં તે કરી આ દર્દીઓને સરકાર દ્વારા આપવામાં આવતી રૂ. પાંચ હજારની સહાય પણ ચુકવી દેવામાં આવી છે.

મળતી વિગતો મુજબ જિલ્લામાંથી શોધી કઢાયેલા ૩૮ દર્દીઓમાંથી લગભગ મોટાભાગના દર્દીઓ પરપ્રાંતિય જણાયા છે. આ દર્દીઓમાં બે બાળકોનો પણ સમાવેશ થતો હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીઓ શહેરી વિસ્તારમાંથી વધુ મળી આવ્યા છે.

## સમગ્ર જિલ્લામાં ૩૮ દર્દીઓ શોધી કઢાયા

આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પગની બહેરાશ હોય તેવા ૧૭૬ દર્દીઓને મલ્ટી સેલ્યુલર રબરના બુટનું વિતરણ પણ કરવામાં આવ્યું છે. આ પૈકી ૪૩ દર્દીઓને આ બુટ બીજીવાર પુરા પાડવામાં આવ્યા છે.

જિલ્લામાં રક્તપિત્તના દર્દીઓનું પ્રમાણ ૦.૨૬ જણાયુ છે. ૨૦૦૭ થી ૨૦૧૨ (માર્ચ) સુધીના મળી આવેલા ૨૩૦ દર્દીઓનું પુનઃવસન પણ તંત્ર દ્વારા કરી દેવામાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે જે ૩૮ દર્દીઓ મળી આવ્યા છે તેમાં ગાંધીનગર શહેરના ૧૩ અને કલોલ શહેરના ૬ દર્દીઓ છે. આમ મળેલા કુલ દર્દીઓમાંથી ૫૦ ટકા દર્દીઓ માત્ર ને માત્ર શહેરી વિસ્તારના છે.

ગાંધીનગર શહેરમાં હાલ જુદી જુદી સાઈટો પર જે બાંધકામ ચાલી રહ્યા છે ત્યાં અન્ય રાજ્યોમાંથી રોજી માટે આવેલા મજૂરો વધુ જણાઈ આવ્યા છે.

આજે ગાંધી નિર્વાણ દિન હોવાથી રક્તપિત્ત નિર્મુલન દિવસની ઉજવણી પણ કરવામાં આવે છે.

રક્તપિત્ત અતિ જંતુજન્ય અને અલ્પ જંતુજન્ય એમ બે પ્રકારનો હોવાનું પણ જાણવા મળેલ છે.



મહાત્માનું મહા પ્રયાણ

ગાંધીજી,
સ્વર્ગ એપાર્ટમેન્ટ, ટોપ ફ્લોર,
આકાશ માર્ગ,
બ્રહ્માંડ-૦૦૦ ૦૦૦.

પૂજ્ય ગાંધીજી,
કેટલાં વર્ષો થયાં તમને ગયે
૧૯૪૮થી તે આજ લગી.
હવે તો તમે ક્યાંય વર્તાતા નથી.
દેખાવ છો માત્ર ફોટામાં,
જે લટકતો હોય છે
પોલીસસ્ટેશનની, કોર્ટની, સ્કૂલની
ગળતી દીવાલો પર.
જાણે ઊખડેલા રંગોને ઢાંકવા માટે
ન વપરાતો હોય ! એમ ગોઠવેલો
તમારો સરસ ફોટો.
પણ ફોટાની આજુબાજુનું, ઉપર-
નીચેનું બધું જ ચાડી ખાય છે
તમારા ન હોવાની.
બાકી, તમારી તો જબરી માર્કેટ.
કેટલાં પુસ્તકો..., કેટલી વેબસાઈટ...
તમારા નામના રસ્તા,
તમારા નામની ઇમારતો, તમારા
નામનાં ટ્રસ્ટ
છતાં તમે ક્યાંય નથી. હવે
બાળકોને કોઈ વહાલ નથી કરતું.
ખાલી ભણાવે છે. તમે નાનકડી
પેન્સિલ પણ સાચવતા,
પણ અમે તો સાવ ડિસ્પોઝેબલ, કાં
તો ફેંકી દઈએ કાં ફેંકાઈ જઈએ.
આવી તો કેટલીય ફરિયાદો છે
કબૂલાતો છે.
પણ આ પત્રને અહીં જ વિરામ
આપું છું. મારી રિસેસ પૂરી થઈ છે.
હવે ઇતિહાસનો પિરિયડ છે. એમાં
તમારા વિશે જ ભણવાનું છે.
હવે બીજી રિસેસ પડશે ત્યારે
આગળ લખીશ.
જો હું નહીં બદલાયો હોઉં તો.

લિ. તમારા આઝાદ ભારતનો
૯મા ધોરણમાં ભણતો એક કિશોર,
- હિતેન આનંદપરા..

# તાલુકા પંચાયતના ચૂંટણી જંગમાં બંને પક્ષ નો-રીપીટની થીયરી અપનાવશે

**વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૧૩ બેઠકો પર સરસાઈ મેળવી હતી; કોંગ્રેસ ૨/૩ કરતાં વધુ બહુમતિ મેળવવા આતુર : ૩૦મી જાન્યુઆરી અથવા ૧લીએ ઉમેદવારો જાહેર થશે**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૧ બેઠકો માટે ચૂંટણીનું જાહેરનામું પ્રગટ થઈ ચુકયું છે અને ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ પણ થઈ ચૂકયો છે ત્યારે આ ચૂંટણી માટે મુખ્ય પ્રતિસ્પર્ધી ગણાતા ભાજપ અને કોંગ્રેસ પક્ષ દ્વારા તેમના ઉમેદવારોની જાહેરાત ૩૦મીએ સત્તાવાર થશે તેમ મનાઈ રહ્યું છે.

તાલુકા પંચાયતની બેઠકોના રોટેશનમાં થયેલા ફેરફારોને કારણે ૨૧ જેટલી બેઠકોને સીધી અસર થતી હોવાથી આ ચૂંટણી જંગ રસપ્રદ બનશે તેમ રાજકીય નિરીક્ષકોનું માનવું છે. આ રોટેશનમાં થયેલા ફેરફારને પગલે બંને પક્ષોને નોરીપીટની થીયરી અપનાવવાની ફરજ પડશે.

સતત ત્રણ ટર્મથી તાલુકા પંચાયત પર કબ્જો જમાવનાર કોંગ્રેસે ચાલુ ટર્મમાં તેના આંતરિક કલહને કારણે બહુમતી હોવા છતાં પ્રમુખપદ ગુમાવ્યું હતું એ પણ ઉલ્લેખનીય છે.

નોરીપીટ થીયરીથી પ્રજા માનસમાં પોતાની આગવી છાપ ધરાવતા ભાજપને પણ આ વખતની ચૂંટણીમાં રોટેશનમાં ફેરફારને પગલે તેની આ નીતિને વળગી રહેવું પડશે તેમ મનાઈ રહ્યું છે. તો કોંગ્રેસ પક્ષ સૌને સાથે રાખી આગળ વધવા માંગતા હોવાથી સ્થાનિક નેતાઓ સાથે બેઠકોનો દોર ચાલી રહ્યો છે.

કોંગ્રેસ પક્ષના આંતરિક સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦ જેટલી બેઠકો પર ઉમેદવારોની પસંદગી લગભગ નિશ્ચિત બની ચુકી છે જયારે ૧૧ બેઠકો માટે ચર્ચાઓ ચાલી રહી છે. આ સ્થિતિને ધ્યાને રાખતાં કોંગ્રેસ પક્ષ દ્વારા બે તબક્કે

● અનુસંધાન પાન-૭ પર

# વિદેશી નાગરિકોએ વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞમાં આહૂતિ આપી!!



**આયુર્વેદ-યોગના પ્રચાર માધ્યમમાં જોડાયેલા ફ્રાન્સ-જર્મની ઈંગ્લેન્ડ સહિતના દેશોના નાગરિકો નવગ્રહ શાંતિ યજ્ઞમાં જોડાયા**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના આંગણે આજે ધર્મ, અધ્યાત્મ સહિત ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતું અનોખું દૃશ્ય જોવા મળ્યું હતું. આયુર્વેદ અને આધ્યાત્મના અનોખા સમન્વય સાથે પશ્ચિમી સંસ્કૃતિથી દૂર હટી વિદેશી મહેમાનો પણ નવગ્રહ શાંતિ યજ્ઞમાં જોડાયા હતા. આયુર્વેદ અને યોગના પ્રચારમાં જોડાયેલા ફ્રાન્સ, જર્મની, ગ્રીસ અને ઈંગ્લેન્ડ સહિતના દેશોના ૧૫ જેટલા નાગરિકોએ યજ્ઞમાં આહુતી આપી ભારતીય સંસ્કૃતિ માટે અતૂટ વિશ્વાસ અને પ્રેમ વ્યકત કર્યો હતો. સે-૨૫ સ્થિત સંતોષી માતાના મંદિરે યોજાયેલા આ ત્રણ કલાકના યજ્ઞમાં વિદેશી નાગરિકોએ વૈદિક મંત્રોચ્ચારનું ઉચ્ચારણ કરી યજ્ઞનો લાભ લીધો હતો.

ભારતીય વિજ્ઞાન પધ્ધતિ અને આધુનિક ઔષધિઓનું સમન્વય અને સંશોધન કરી આયુર્વેદ અને યોગના માધ્યમથી લોકઉપયોગી અભિગમ કેળવવાના આશય સાથે ગાંધીનગરના વૈદ્ય અશ્વિન બારોટ લંડનમાં છેલ્લા ૩૨ વર્ષથી આયુર્વેદ યોગનો પ્રચાર કરે છે. જેમાં તેમની સાથે વિદેશી નાગરિકો પણ તેમના માર્ગદર્શન હેઠળ અવેરનેસ કેમ્પેઈનમાં જોડાયા છે. ડૉ. અશ્વિન બારોટ દ્વારા છેલ્લા ચાર વર્ષથી ગાંધીનગરમાં આ વિશિષ્ટ યજ્ઞનું આયોજન કરવામાં આવે છે જેમાં પ્રતિવર્ષ વિદેશી નાગરિકો યજ્ઞમાં જોડાયા છે. આજે પણ સે-૨૫ સ્થિત સંતોષી માતાના મંદિરમાં નવગ્રહ શાંતિ યજ્ઞ યોજવામાં આવ્યો હતો. જેમાં ફ્રાન્સ, જર્મની, ગ્રીસ અને ઈંગ્લેન્ડથી આવેલા અને મોટા ભાગે તબીબી શાખા સાથે સંકળાયેલા વિદેશી નાગરિકો પણ યજ્ઞમાં આહુતિ આપવા બેઠા હતા.

આ યજ્ઞમાં ગ્રીસના ડૉ. નિકોલસ કોસ્ટોપોલસે પણ સંસ્કૃતમાં વૈદિક શ્લોકો ઉચ્ચારી સૌને દંગ કરી દીધા હતા. અગાઉ ચેસ્ટ ફીઝીશીયન તરીકે સેવા આપતા ડૉ. નિકોલસ પોતાનો વ્યવસાય પડતો મુકી આયુર્વૈદિકની પ્રેકટીસમાં જોડાયા છે. ઈંગ્લેન્ડના ડૉ. ડેવીડ રેફસી પણ યજ્ઞમાં ઉપસ્થિત રહ્યા હતા. ત્રણ કલાકના યજ્ઞના અંતે વિદેશી નાગરિકોએ આયુર્વેદ પધ્ધતિ પ્રત્યે તેમનો પ્રેમ અને આદરભાવ પણ વ્યકત કર્યો હતો.

# પ્રાથમિક શિક્ષણ મેળવતા બાળકો પણ માનસિક તનાવ અનુભવે છે !!

**શાળા આરોગ્ય દરમિયાન બહાર આવેલી ચોંકાવનારી હકીકત : આયર્નની ઉણપ જણાતાં બાળકોને હવે સપ્તાહે એક આયર્નની ટેબ્લેટ વર્ગશિક્ષક ગળાવશે**

ગાંધીનગર, તા. ૨૯

શાળામાં અપાતા શિક્ષણને લઈ માનસિક તણાવ અનુભવતા બાળકો શાળા-આરોગ્ય ચકાસણી અભિયાન દરમિયાન જિલ્લામાંથી મળી આવતાં તંત્ર ચોંકી ઉઠયું છે.

મળતી વિગતો મુજબ શિક્ષણને લઈ માનસિક તણાવ અનુભવતા ગાંધીનગર શહેરમાંથી પાંચ જેટલા બાળકો મળ્યા છે. જયારે જિલ્લામાંથી ૧૫ જેટલા આવા બાળકો મળી આવ્યા છે.

રાજય સરકાર દ્વારા એક તરફ ભાર વિનાનું ભણતર અંગેની મોટી મોટી જાહેરાતો કરવામાં આવી રહી છે ત્યારે પ્રાથમિક શાળાના બાળકો જ માનસિક તનાવ અનુભવતા જણાયા હોવાની આખીય બાબત શિક્ષણ જગત, આરોગ્ય તંત્ર અને સમાજ સુધારકો અને વાલીઓ માટે નવી ચિંતા બનીને ઉભરી રહી છે.

મળતી વિગતો પ્રમાણે બાળકને ટયુશન પ્રથા અને ઉંચી ટકાવારી માટે મા-બાપ દ્વારા કરવામાં આવતું પ્રેશર તેમજ શિક્ષણની પ્રથામાં સતત બદલાવને લઈ આ માનસિક તનાવની સ્થિતિ પેદા થતી હોવાનું મનાઈ રહ્યું છે.

દરમિયાન ગત વર્ષના શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમિયાન બાળકોમાં આયર્નની ઉણપ જણાતાં આ વર્ષે આરોગ્ય તંત્ર દ્વારા આગામી ૧લી ફેબ્રુઆરીથી ધો-૧ થી ૫ અને ધો-૬ થી ૧૨ના બાળકો માટે સપ્તાહમાં એકવાર આયર્નની ટેબ્લેટ આપવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ધો-૧થી ૫ના બાળકને ૨૦ મિ.ગ્રા. અને ધો-૬ થી ૧૨ના વિદ્યાર્થીને વધુ મિ.ગ્રા.નો ડોઝ ધરાવતી ગોળી વર્ગ શિક્ષક દ્વારા જ વિતરણ કરાશે તેમજ તે અંગે બાળકના હેલ્થકાર્ડમાં પણ નોંધ કરી આરોગ્ય તંત્રને તેની જાણ કરવાની રહેશે.

દરમિયાન શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ ૨૦૧૩ અંતર્ગત જિલ્લામાં અત્યાર સુધીમાં આઠસો જેટલા બાળકોને સંદર્ભ સેવા માટે મોકલવામાં આવ્યા છે. જેમાં શહેરી વિસ્તારના ૩૦૦ બાળકો અને ગ્રામ્ય વિસ્તારના ૫૦૦ જેટલા બાળકોનો સમાવેશ થાય છે.

# તાલુકા પંચાયતની ચૂંટણી માટે ૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણી માટે આજે ત્રણ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર ભર્યા છે. આ ત્રણે ઉમેદવારો કોંગ્રેસ પક્ષના છે અને તેમાં એક મહિલા ઉમેદવારનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણી માટે તંત્ર દ્વારા ગઈ કાલે જાહેરનામુ પ્રસિધ્ધ કરતાં જ ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો. ગઈ કાલે એક પણ ઉમેદવારી પત્ર ભરાયું ન હતું.

આજે છાલા, ધણપ અને સરઢવની બેઠક માટે ઉમેદવારી પત્ર ભરવામાં આવ્યા છે. છાલા બેઠક માટે શ્રી હાથીભાઈ પટેલ, ધણપની બેઠક માટે વિરેન્દ્રસિંહ રાણા અને સરઢવની બેઠક માટે દમયંતિબેન પટેલે ઉમેદવારી નોંધાવી છે. આ ચૂંટણી માટે ઉમેદવારોએ એફિડેવિટ પણ રજુ કરવાની છે અને બંને રાજકીય પક્ષો દ્વારા હજુ સત્તાવાર યાદી જાહેર નથી કરાઈ. જેમ જેમ ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ નજીક આવશે તેમ ઉમેદવારોની સંખ્યામાં વધારો થશે તેમ મનાઈ રહ્યું છે.

આ ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ ૨જી ફેબ્રુઆરી છે. હજુ ચાર દિવસનો સમયગાળો બાકી છે. ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણી માટે અત્યાર સુધીમાં ૫૦થી વધુ ઉમેદવારી પત્રો ચૂંટણી અધિકારીઓ પાસેથી રાજકીય પક્ષના આગેવાનો લઈ ગયા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૧ બેઠકો છે અને બે ચૂંટણી અધિકારીઓની આ માટે નિમણુંક કરવામાં આવી છે.

# શંકરસિંહના નેતૃત્વમાં જળયાત્રા યોજાશે

અમદાવાદ, તા. ૨૯

સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પીવાના પાણીની વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. આપવાની સરકારની અણઘડ વ્યવસ્થાની પોલ ખોલવા તથા લોકોને પીવાનું પાણી મળે તેનો પોકાર ગુજરાત ભાજપ સરકારના કાનમાં નાખવા શંકરસિંહ વાઘેલાએ પત્રકારો સમક્ષ કરી હતી.

વાઘેલાએ જણાવ્યું હતું કે વિધાનસભાની ચૂંટણીમાં પ્રજાજનોએ


**ફેબ્રુઆરીમાં કોંગ્રેસ દ્વારા પાણીના પ્રશ્ને આંદોલન : નર્મદા યોજનાનું અણઘડ આયોજન : ચાર દિવસે પણ પીવાનું પાણી મળતું નથી લોકો સરકાર પાસે જવાબ માગશે**

લોકોને ચાર દિવસે પણ પૂરતું પાણી મળતું નથી નહાવાની વાત તો બાજુએ પણ પીવાનું પાણી પુરતુ મળતુ નથી.

આ મુદ્દાને લઈને નર્મદાનું પાણી આગામી ફેબ્રુઆરી માસમાં કોંગ્રેસ પક્ષ દ્વારા સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં જળયાત્રા કાઢવાની જાહેરાત આજે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ

ચાર ચાર કલાક લાઈનમાં ઊભા રહીને ભાજપને મત આપીને સત્તા સોંપી છે. ત્યારે આજે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ચાર ચાર દિવસે પણ પીવાનું પાણી મળતું નથી. નહાવાની વાત તો બાજુએ મૂકીએ પણ પીવાઅને ઢોરઢાંખરને પીવાનું પાણી પુરતું મળતું નથી ભાજપ સરકારે સત્તા આવ્યા પછી લોકોને નાહી નાખવાનું

● અનુસંધાન પાન-૭ પર









# શહીદ વીરોની સ્મૃતિમાં આજે બે મિનિટનું મૌન

**કામકાજની અને વાહનવ્યવહારની ગતિ બે મિનિટ પૂરતી બંધ રખાશે**

ગાંધીનગર, તા. ૨૯

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદ વીરોની સ્મૃતિમાં તા. ૩૦મી જાન્યુઆરી ૨૦૧૩ - શહીદ દિને સવારે ૧૧.૦૦ વાગે બે મિનિટ મૌનપાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનાર વીરો પ્રત્યેનું ઋણ અદા કરવામાં આવે છે.

આખા દેશમાં શક્ય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનવ્યવહારની ગતિ બે મિનિટ પૂરતી બંધ રાખવામાં આવે છે તેમ સામાન્ય વહીવટ વિભાગના પરિપત્રમાં જણાવ્યું છે.

જે સ્થળે સાયરન સેનાની તોપની વ્યવસ્થા હોય ત્યાં સવારે ૧૦.૫૯ કલાકે એક મિનિટ માટે એટલે કે ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડી તોપ ફોડીને બે મિનિટ મૌન પાળવાની સુચના અપાશે. ત્યાર બાદ ૧૧.૦૨ થી ૧૧.૦૩ સુધી સાયરન ફરીથી વગાડશે.